# મહે. અમદાવાદ(ગ્રામ્ય)ના આઠમા અધિક સત્ર ન્યાયાધીશ (પી. પી. જાડેજા) સાહેબની અદાલતમાં મુ. ધોળકા, અમદાવાદ (ગ્રામ્ય)

નિકાલ તારીખઃ– ૦૬/૦૫/૨૦૨૬
સેશન્સ કેસ નંબરઃ ૨૨૭/૨૦૨૧

**તહોમતઃ– ઈ. પી. કો. કલમ–૩૯૫, ૩૯૭ના ગુન્હાઓ અંગે...**

| | |
|---|---|
| **ફરીયાદી** | **શ્રી સરકાર** |
| **ફરીયાદી તરફે** | **વિ. એ. જી. પી. શ્રી જે. સી. પટેલ** |
| **આરોપી** | (૧) રાહુલ નરભેરામ તુલશીદાસ પરમાર<br>રહે. આઝાદનગર સોસાયટી, મેલડીમાના મંદિર સામે, ફતેવાડી, સરખેજ, અમદાવાદ.<br>(૨) શીવમ ઉર્ફે શિવો ભાવેશભાઈ પ્રવિણભાઈ પટેલ<br>રહે. ૧૨૦, સંતોષીનગર, જીવનદીપ હોસ્પિટલ સામે, ધોળકા.<br>(૩) દુપેશ ત્રીભોવનભાઈ સવાભાઈ જાદવ<br>રહે. ખોડીયાર કોમ્પલેક્ષ, ગેટ નં. ૫, દેનાબેંક પાસે, સરખેજ, અમદાવાદ.<br>(૪) અનીતકુમાર રમેશભાઈ સોલંકી<br>રહે. વણકરવાસ, મુ. સનાથલ, તા. સાણંદ, જી. અમદાવાદ.<br>(૫) કિરણ ઉર્ફે કિશન લલીતભાઈ પરમાર<br>રહે. હરીવીલા સોસાયટી, ક્રિષ્ના એવન્યુ પાછળ, જી–૯, મહેશભાઈ ભરવાડના મકાનમાં, સરખેજ, અમદાવાદ. |
| **આરોપીનં. ૧,૨,૩ અને ૫ તરફે** | **વિ. વ. શ્રી વી.એમ. ગોહેલ** |
| **આરોપી નં. ૪ તરફે** | **વિ.વ.શ્રી પી.આર.ચૌહાણ** |

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ | ૨૨/૦૬/૨૦૨૦ |
| ફરીયાદ દાખલ થયા તારીખ | ૨૩/૦૬/૨૦૨૦ |
| ચાર્જશીટ દાખલ થયા તારીખ | ૨૨/૧૦/૨૦૨૦ |
| ચાર્જશીટ કમીટ થયા તારીખ | ૨૨/૦૯/૨૦૨૧ |
| તહોમતનામું ઘડ્યા તારીખ | ૧૦/૧૦/૨૦૨૫ |
| પુરાવો શરૂ થયા તારીખ | ૧૦/૧૦/૨૦૨૫ |
| જજમેન્ટ જાહેર થયા તારીખ | ૦૬/૦૫/૨૦૨૬ |
| જો સજા કરવામાં આવી હોય તો તેની તારીખ | --- |

**–:ચુકાદો:–**

**૦૧.** આ કામના આરોપીઓ સામે ઈ. પી. કો. કલમ–૩૯૫, ૩૯૭ મુજબના ગુના અંગેનું તહોમત ફરમાવવામાં આવેલ છે.

**૦૨.** ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૨૨/૦૬/૨૦૨૦ના કલાક.૨૧/૪૫ વાગે મોજે બાવળા–બગોદરા હાઈવે રોડ, હરસીધ્ધી હોટલથી એકાદ કી.મી.ભામસરા ગામના પાટીયા તરફ, ભામસરા ગામની સીમ, હાઈવે રોડ ઉપર આ કામના ફરીયાદી પોતાના કબ્જાની આઈસર ગાડી નં.જીજે–૦૧–એચ.ટી.–૩૨૦૩ માં ચાંગોદરથી કુરીયરનો સામાન ભરી રાજકોટ જતા હતા તે દરમ્યાન આરોપી નં.૧,૨,૩,૫ વાળા મહેંદી કલરની મહેન્દ્રા કંપનીની એક્ષ.યુ.વી. ગાડી જેના રજી.નં.જીજે–૧–કે.ડબલ્યુ –૫૨૯૧ લઈ આ કામે નાસતા ફરતા ત્રણ અજાણ્યા આરોપીઓ નંબર પ્લેટ વગરની સીલ્વર કલરની આઈ–૨૦ તથા આરોપીનં.૪ તેનુ બાઈક નં.જીજે–૦૧–એલ.વી.–૪૪૩૮ નુ લઈ આવી ફરીયાદીની આઈસર ગાડીને રોકાવી આઈ–૨૦ ગાડીમાં આવેલ ત્રણ અજાણ્યા ઈસમો નીચે નહી ઉતરી તથા એક્ષ.યુ.વી. ગાડીમાં બેઠેલ ચાર તથા બાઈક ચાલકે બાઈક રોડની સાઈડમા મુકી આરોપીનં.૧ તથા ૩ નાએ આઈસર ગાડીમાં ચડી આરોપીનં.૩ નાએ ફરીયાદીને છરી બતાવી ફરીયાદીની આઈશર ગાડીની ચાવી બંધ કરી ચાવી લઈ તથા આરોપીનં.૨, ૪, ૫ નાઓએ આઈશર ગાડીની બોડીના પાછળના ભાગે દરવાજાને મારેલ તાળુ ખોલી અંદરથી જીઓ કંપનીના સીમકાર્ડ ભરેલ બોક્ષ નંગ.૯ કુલ કિંમત રૂા. ૯૪,૫૦૦/– ની લુંટ કરી ગુનો કરેલ. આમ, તમામ આરોપીઓએ ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરેલ તે મુજબની આરોપીઓ સામે ફરિયાદીએ ઈ. પી. કો. કલમ–૩૯૫, ૩૯૭ મુજબ શિક્ષાપાત્ર ગુના અંગે બગોદરા પોલીસ સ્ટેશન ગુ. ર. નં. ૧૧૧૯૨૦૧૦૨૦૦૨૩૮/૨૦૨૦ થી ફરિયાદ નોંધાવતાં, તપાસના અંતે આરોપીઓ વિરૂદ્ધ પુરતો પુરાવો જણાતાં, આરોપીઓ વિરૂદ્ધ ધોળકાના જ્યુડી. મેજીસ્ટ્રેટ સાહેબની અદાલતમાં ચાર્જશીટ રજુ કરતાં તેને ફોજદારી કેસ નં. ૨૯૭/૨૦૨૦ થી ફોજદારી કેસ રજીસ્ટરે લેવામાં આવેલ અને સદર ગુન્હો

સેશન્સ અદાલત દ્વારા ચલાવવા પાત્ર હોઈ, તે અદાલત દ્વારા સદર કેસ કમીટ કરી અત્રે મોકલી આપતાં તેને સેશન્સ કેસ નં.૨૨૭/૨૦૨૧ થી રજીસ્ટરે લઈ, કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**૦૩**. સદર કામના આરોપીઓને રજુ કરતાં તેઓને પોલીસ પેપર્સની નકલ વિના મુલ્યે મળ્યાની ખાત્રી કરી, ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ ની કલમ–૨૦૭ ની જોગવાઈઓનું પાલન થયેલ હોવા બદલની ખાત્રી કરી, ચાર્જશીટમાં દર્શાવ્યા મુજબની કલમો અન્વયે ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ ની કલમ ૨૮૮(૧)(બી) મુજબ **આંક–૩૦** થી આરોપીઓ વિરૂદ્ધ ઈ. પી. કો. કલમ–૩૯૫, ૩૯૭ મુજબના ગુનાઓનું તહોમતનામું ઘડી, ક્રિમિનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ ની કલમ ૨૨૮(૨) મુજબ તે આરોપીને વાંચી, સંભળાવી **આંક–૩૧ થી ૩૫ સુધી** આરોપીઓનું નિવેદન રેકર્ડ કરતાં, આરોપીઓએ ગુનો કબુલ ન હોવાનું જણાવી ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી કરવાની માંગણી કરતાં, સદરહું કેસ ફરિયાદપક્ષના પુરાવા પર મુલત્વી રાખવામાં આવેલ.

**૦૪.** ફરિયાદપક્ષના પુરાવા માટે તારીખ નક્કી કરવામાં આવતાં ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ ની કલમ–૨૩૧ મુજબ ફરિયાદપક્ષ તરફથી આરોપીઓ વિરૂદ્ધ તહોમત પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**ફરિયાદપક્ષ તરફે સાક્ષીઓનો મૌખીક પુરાવોઃ–**

| ક્રમ | નામ | આંક |
|---|---|---|
| ૧ | ધર્મેશભાઈ હરીભાઈ પરમારની જુબાની (પંચ) | ૩૮ |
| ૨ | તેજેન્દ્રભાઈ બીપીનચંદ્ર પટેલની જુબાની (સાહેદ) | ૪૦ |
| ૩ | નયનકુમાર પ્રફુલ્લચંદ્ર પટેલની જુબાની (સાહેદ) | ૪૧ |
| ૪ | હેમલ ગુણવંતભાઈ કંસારાની જુબાની (સાહેદ) | ૪૨ |
| ૫ | ખુમાનસંગ અરજણભાઈ જખવાડીયા (પંચ) | ૪૩ |
| ૬ | વિજયભાઈ દેવજીભાઈ સોલંકી (ફરિયાદી) | ૪૪ |

| | | |
|---|---|---|
| ૭ | ભાવિનભાઇ કાંતિભાઇ સોલંકી (પંચ) | ૪૭ |
| ૮ | ભાવિનભાઇ કાંતિભાઇ સોલંકી (પંચ) | ૪૯ |
| ૯ | ભરતસિંહ સોહનસિંહ ચૌહાણ (ત.ક.અ.) | ૫૪ |
| ૧૦ | મેહુલકુમાર પ્રવીણભાઇ ચૌધરી (ત.ક.અ.) | ૫૫ |
| ૧૧ | હેતલબેન માલજીભાઇ રબારી (ત.ક.અ.) | ૫૬ |

**<u>ફરિયાદપક્ષ તરફે દસ્તાવેજી પુરાવોઃ</u>–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | બનાવવાળી જગ્યાનું પંચનામું | ૩૯ |
| ૨ | ફરિયાદ | ૪૫ |
| ૩ | બાઇકનું મુદ્દામાલ રીકવરી પંચનામું | ૪૮ |
| ૪ | સીમકાર્ડનું મુદ્દામાલ રીકવરી પંચનામું | ૫૦ |

**૦૫.** આ કામે ફરીયાદપક્ષ તરફે તા.૨૭/૦૨/૨૦૨૬ ના રોજ મદદનીશ સરકારી વકીલશ્રીની મૌખિક વિનંતીથી તેઓનો પુરાવો પૂર્ણ થયેલ હોવાનું જાહેર કરતાં, સદર કામ આરોપીઓના વિશેષ નિવેદન નોંધવા પર મુલત્વી રાખવામાં આવેલ. ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ ની કલમ–૩૧૩ અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન નોંધતા આરોપીએ સદર કામનો પુરાવો તેઓની હાજરીમાં નોંધવામાં આવેલ હોવાની હકીકત કબુલ રાખી, ફરિયાદપક્ષના કેસની અન્ય તમામ હકીકતોનો ઈન્કાર કરી, તેઓએ કોઈપણ ગુનો કરેલ ન હોવાની અને તેઓ નિર્દોષ હોવાની હકીકત જણાવેલ છે. વધુમાં, તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ ની કલમ–૨૩૩ અન્વયે સાહેદો તપાસવાની તક આપતાં તેઓએ સોગંદ ઉપર જુબાની આપવા માંગતા ન હોવાનું તેમજ સાહેદો તપાસવા માંગતા ન હોવાનું વિશેષ નિવેદનમાં જાહેર કરેલ છે. અંતે સદર કામ પક્ષકારોની દલીલ સાંભળવા માટે મુલતવી રાખવામાં આવેલ.

**૦૬.** સદર કામે ફરિયાદપક્ષ તરફે વિ.એ.જી.પી.શ્રીની તથા આરોપી તરફે વિ.વ.શ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

૬.૧. ફરિયાદપક્ષ તરફે વિ.એ.જી.પી.શ્રી જે.સી.પટેલે મૌખિક રજુઆત કરેલ છે કે, આ કામે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા ધ્યાનમાં રાખતાં તથા આ કામે આંક–૪૫ થી ત.ક.અમલદાર મેહુલકુમાર પ્રવિણભાઇ ચૌહાણની જુબાની તથા ફરિયાદ તથા બનાવવાળી જગ્યાનું પંચનામું, બાઇકનું તથા સિમકાર્ડ અંગેનું મુદ્દામાલ રિકવરી પંચનામું બનાવની હકીકતને સંપુર્ણ સમર્થન આપે છે જે હકીકત ધ્યાનમાં રાખતાં ફરિયાદપક્ષે તેનો કેસ પુરવાર કરેલ હોવાનું સ્પષ્ટ જણાય આવે છે. જેથી, ફરિયાદપક્ષ તરફે રજુ તમામ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા સમગ્રપણે ધ્યાને લઈ, આરોપીઓને દોષીત ઠરાવી સજા કરવા અરજ કરેલ છે.

૬.૨. આરોપીઓ તરફે રજુઆત છે કે, આ કામના ફરિયાદી હાલના આરોપીઓને ઓળખી બતાવતા નથી તેમજ ત.ક.અ. દ્વારા આરોપીઓની કોઇ ઓળખ પરેડ ફરિયાદી પાસે કરાવેલ નથી. તેમજ ફરિયાદ જોવામાં આવે તો અજાણ્યા વ્યકિત સામે લુંટની ફરિયાદ દાખલ થયેલી છે. જેથી ફરિયાદી આરોપીઓને ઓળખી બતાવતા ન હોય તેમજ પંચો પંચનામાની હકીકતને સમર્થન આપતા નથી. તેમજ ત.ક.અમલદારની જુબાની પરથી આરોપીઓએ ગુનો કરેલ હોવાનું માની શકાય નહી. જેથી, સદર તમામ હકીકત ધ્યાને લઈ, આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ ગુજારેલ છે.

**૦૭.** સદર કામે પક્ષકારો તરફે વિદ્વાન વકીલશ્રીઓ દ્વારા કરવામાં આવેલ દલીલો, ફરિયાદ તથા રેકર્ડ ઉપર આવેલ પુરાવાઓ વંચાણે લેતાં, આ કેસના આખરી નિરાકરણ માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

**–:<u>મુદ્દાઓ</u>:–**

**મુદ્દા નં. (૧)** શું ફરિયાદપક્ષ એ હકીકત નિઃશંકપણે પુરવાર કરે છે કે, તા.૨૨/૦૬/૨૦૨૦ના કલાક.૨૧/૪૫ વાગે મોજે બાવળા–બગોદરા હાઈવે રોડ, હરસીધ્ધી હોટલથી એકાદ કી.મી.ભામસરા ગામના પાટીયા તરફ, ભામસરા ગામની સીમ, હાઈવે રોડ ઉપર આ

કામના ફરીયાદી પોતાના કબ્જાની આઈસર ગાડી નં.જીજે–૦૧–એચ.ટી.–૩૨૦૩ માં ચાંગોદરથી કુરીયરનો સામાન ભરી રાજકોટ જતા હતા તે દરમ્યાન આરોપી નં.૧,૨,૩,૫ વાળા મહેંદી કલરની મહેન્દ્રા કંપનીની એક્ષ.યુ.વી. ગાડી જેના રજી.નં.જીજે–૧–કે.ડબલ્યુ –૫૨૯૧ લઈ આ કામે નાસતા ફરતા ત્રણ અજાણ્યા આરોપીઓ નંબર પ્લેટ વગરની સીલ્વર કલરની આઈ–૨૦ તથા આરોપીનં.૪ તેનુ બાઈક નં.જીજે–૦૧–એલ.વી.–૪૪૩૮ નુ લઈ આવી ફરીયાદીની આઈસર ગાડીને રોકાવી આઈ–૨૦ ગાડીમાં આવેલ ત્રણ અજાણ્યા ઈસમો નીચે નહી ઉતરી તથા એક્ષ.યુ.વી. ગાડીમાં બેઠેલ ચાર તથા બાઈક ચાલકે બાઈક રોડની સાઈડમા મુકી આરોપીનં.૧ તથા ૩ નાએ આઈસર ગાડીમાં ચડી આરોપીનં.૩ નાએ ફરીયાદીને છરી બતાવી ફરીયાદીની આઈશર ગાડીની ચાવી બંધ કરી ચાવી લઈ તથા આરોપીનં.૨, ૪, ૫ નાઓએ આઈશર ગાડીની બોડીના પાછળના ભાગે દરવાજાને મારેલ તાળુ ખોલી અંદરથી જીઓ કંપનીના સીમકાર્ડ ભરેલ બોક્ષ નંગ.૯ કુલ કિંમત રૂા. ૯૪,૫૦૦/– ની લુંટ કરી ગુનો કરી, તમામ આરોપીઓએ ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી ઈ. પી. કો. કલમ–૩૯૫, ૩૯૭ મુજબ શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

**મુદ્દા નં. (૨)** શું હુકમ?

**૦૮.** ઉપરોક્ત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

## --નિર્ણયના કારણો--

**મુદ્દા નંબર ૦૧–**

**૦૯.** સદર કામે આરોપીઓ વિરૂદ્ધ ફરિયાદ મુજબનું તહોમત નિઃશંકપણે પુરવાર થાય છે કે કેમ તે માટે ફરિયાદપક્ષના કેસની હકીકત ધ્યાને લેવી જરૂરી બની રહે છે. સદર કામે ફરિયાદપક્ષના કેસની હકીકત મુજબ, તા.૨૨/૦૬/૨૦૨૦ના કલાક.૨૧/૪૫ વાગે મોજે બાવળા–બગોદરા હાઈવે રોડ, હરસીધ્ધી હોટલથી એકાદ કી.મી.ભામસરા ગામના પાટીયા તરફ, ભામસરા ગામની સીમ, હાઈવે રોડ ઉપર આ કામના ફરીયાદી પોતાના કબ્જાની આઈસર ગાડી નં.જીજે–૦૧–એચ.ટી.–૩૨૦૩ માં ચાંગોદરથી કુરીયરનો સામાન ભરી રાજકોટ જતા હતા તે દરમ્યાન આરોપી નં.૧,૨,૩,૫ વાળા મહેંદી કલરની મહેન્દ્રા કંપનીની એક્ષ.યુ.વી. ગાડી જેના રજી.નં.જીજે–૧–કે.ડબલ્યુ–૫૨૯૧ લઈ આ કામે નાસતા ફરતા ત્રણ અજાણ્યા આરોપીઓ નંબર પ્લેટ વગરની સીલ્વર કલરની આઈ–૨૦ તથા આરોપીનં.૪ તેનુ બાઈક નં.જીજે–૦૧–એલ.વી.–૪૪૩૮ નુ લઈ આવી ફરીયાદીની આઈસર ગાડીને રોકાવી આઈ–૨૦ ગાડીમાં આવેલ ત્રણ અજાણ્યા ઈસમો નીચે નહી ઉતરી તથા એક્ષ.યુ.વી. ગાડીમાં બેઠેલ ચાર તથા બાઈક ચાલકે બાઈક રોડની સાઈડમા મુકી આરોપીનં.૧ તથા ૩ નાએ આઈસર ગાડીમાં ચડી આરોપીનં.૩ નાએ ફરીયાદીને છરી બતાવી ફરીયાદીની આઈશર ગાડીની ચાવી બંધ કરી ચાવી લઈ તથા આરોપીનં.૨, ૪, ૫ નાઓએ આઈશર ગાડીની બોડીના પાછળના ભાગે દરવાજાને મારેલ તાળુ ખોલી અંદરથી જીઓ કંપનીના સીમકાર્ડ ભરેલ બોક્ષ નંગ.૯ કુલ કિંમત રૂા. ૯૪,૫૦૦/– ની લુંટ કરી ગુનો કરેલ. આમ, તમામ આરોપીઓએ ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરેલ તે મુજબની ફરિયાદ છે.

**૧૦.** ઉપરોક્ત ફરિયાદની હકીકત ધ્યાનમાં રાખતાં તથા રજુ થયેલ પુરાવા ધ્યાનમાં રાખતાં સદર કામ આંક–૩૮ થી પંચ સાહેદ ધર્મેશભાઇ હરીભાઇ પરમારનાઓને તપાસવામાં આવેલ છે જેઓ તેમની સરતપાસમાં જણાવે છે કે, પોલીસે તેમની સહી ક્યાં અને કઇ જગ્યાએ લીધેલી તે તેમને

યાદ નથી. તેમને ખાલી સહી કરતા આવડે છે વાંચતા લખતા આવડતું નથી. પોલીસે તેમની રૂબરૂ કોઇ બનાવવાળી જગ્યાનું પચંનામું કરેલ હોઇ તેવું કંઇ બનેલ નથી. તેથી તેઓને હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલ છે અને હોસ્ટાઇલ જાહેર થયા બાદ પંચનામાની હકીકતને સમર્થન મળે તેવી કોઇ હકીકત જણાવતા નથી.

જેથી સદર પંચ સાહેદનો પુરાવો જોવામાં આવે તો તેઓ બનાવવાળી જગ્યાના પંચ સાહેદ છે. પરંતુ તેઓ પંચનામાની હકીકતને સમર્થન આપતા નથી.

**૧૧.** વધુમાં, સદર કામે આંક – ૪૦ થી તેજેન્દ્ર બીપીનચંદ્ર પટેલને તપાસવામાં આવેલ છે, જેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે, તા. ૨૨/૦૬/૨૦૨૦ ના રોજ તેઓને તેમના ડ્રાઇવર વિજયભાઇ દેવજીભાઇ સોલંકીનો ફોન આવેલ કે તેમની માલિકીની આઇસર ગાડી જીજે–૦૧–એચટી–૩૨૦૩ માં લુંટ થયેલ છે. જેથી તેઓ તથા નયનભાઇ તથા હેમલભાઇ બનાવવાળી જગ્યાએ ગયેલા. ત્યાં ડ્રાઇવરને બનાવ બાબતે પુછતાં તેણે જણાવેલ કે, એસ.એમ.ઇ કુરીયરના ગોડાઉનમાંથી રાજકોટ લોહાનગરનો કુરીયરનો સામાન લઇ રાજકોટ જવા નિકળેલ ત્યારે બગોદરા તરફ જતા તે વખતે કલ્યાણગઢ ગામના પાટીયાથી આગળ આવતા આઇસર ગાડીની પાછળ એક મોટી ગાડી ડીપર મારતા તેને સાઇડ આપેલી અને તે ગાડીએ તેમની આઇસર ગાડીની સાઇડ કાપી દરવાજા પાસે પહોંચતા તે ગાડીના આગળના ડ્રાઇવર સાઇડે કાચ ઉતારી એક માણસે જોર જોરથી ગાડી સાઇડમાં લેવાનું જણાવેલ અને પાછળથી એક સિલ્વર કલરની આઇ – ૨૦ ગાડી તેમની આઇસર ગાડીની સાઇડ કાપી ઝડપથી આવેલી અને તેમની આઇસર ગાડીની સાઇડ પર આવી ઉભી રહી ગયેલી. જેથી તેઓએ પણ આઇસર ગાડી ઉભી રાખેલી.વધુમા જણાવે છે કે, આઇ –૨૦ ગાડીમાં કોઇ નંબર પ્લેટ ન હતી અને તેમાં પાછળની સીટે બે માણસો હતા તથા આગળ એક ડ્રાઇવર હોવાનું જણાયેલ અને ડ્રાઇવર સાઇડના ભાગે ઉભેલ મોટી ગાડીમાંથી ચાર માણસો નીચે ઉતરી એક માણસે તેમની ગાડીના ડ્રાઇવર

સાઈડનો દરવાજો ખોલી ઉપર ચડી તેમની આઈસર ગાડીની ચાવી બંધ કરી ચાવી કાઢી લીધેલ અને ધક્કો મારેલ અને તેણે એક છરી કાઢી તેઓના ગળાના ભાગે રાખેલી અને ડાબી બાજુએથી એક માણસે આઈસરનો દરવાજો ખોલી છરી કાઢી તેમના પડખાના ભાગે રાખેલ અને તેઓનો મોબાઈલ ફોન લઈ લીધેલ અને તેવામાં તેમની આગળ ઉભેલ આઈ–૨૦ ગાડી સ્પીડમાં ભાગી બગોદરા તરફ જતી રહેલી. ત્યારબાદ મોટી કાળા કલરની ફોર વ્હીલ ગાડીમાંથી ઉતરેલા માણસોમાંથી ત્રીજો માણસ ડાબી બાજુના દરવાજે ચઢી ગયો હતો અને ચોથો માણસ ગાડીની પડખે આંટા મારવાનું કહેતો હતો અને તે ગાડી રીવર્સમાં લગાડી તેમની આઈસર ગાડીના પાછળના ભાગે લઈ તેની ગાડી બંધ કરી આઈસર ગાડીની ડાબી બાજુના દરવાજે આવી ઉભો રહી એક માણસ નીચે આવ તેમ કહેલ. તેથી ડ્રાઈવર સાઈડના દરવાજાથી ચઢેલ માણસ નીચે ઉતરી પાછળ ગયેલ અને આઈસરની બોડીના પાછળના દરવાજા ખોલી તેમાંથી સામાન ઉતારવા લાગેલ અને પાંચેક મિનિટ બાદ આઈસર ગાડીની પાછળ ઉભેલી મોટી ગાડી ચાલુ થયેલી અને તેમની બાજુમાં છરી લઈને ઉભેલો માણસ ગાડીમાંથી ઉતરી તે ગાડીમાં બેસી ગયેલ અને આ મોટી ગાડી પણ સ્પીડમાં બાવળા તરફ જતી રહેલી અને તેની પાછળ કોઈ નંબરપ્લેટ લગાડેલી ન હતી. ત્યારબાદ તેઓએ આઈસર ગાડી ચેક કરતા તેનું તાળું તુટેલુ હતુ અને તાળાની ચાવી આ ચાર માણસોમાંથી કોઈએ લઈ લીધેલી અને તેનાથી આ તાળુ ખોલેલું અને કુરચરનો સામાન આ લોકો લઈ ગયેલ. તેવી વાત ડ્રાઈવરે કરેલ. તેથી તેજેન્દ્રભાઈએ ૧૦૦ નંબર ઉપર ફોન કરેલ અને ત્યારબાદ તેઓએ નયનભાઈને ફોન કરેલો. ત્યારબાદ તેઓએ આઈસર ગાડીમાં રાખેલો માલ ગણતા એરવે બીલના વીસ બોક્ષમાંથી નવ પુઠાંના બોક્ષ ઓછા જણાયેલ. એક પુઠાના બોક્ષમાં લાલ કલરના નાના કવરમાં જીયો કંપનીના સીમ કાર્ડ નં. ૧૦ નું પેકીંગ કરેલ, નંગ –૫૦ નું પેકીંગ મળી કુલ સીમ કાર્ડ – ૫૦૦ જેમાં એક પુઠાનું બોક્ષ એમ કુલ – ૯ પુઠાના બોક્સ એમ કુલ આશરે – ૪૫૦૦ જીયો સીમ કાર્ડ જેની કુલ કિંમત રૂપિયા ચોરાણું થી પંચાણું હજારની લુંટ થયેલાનું જણાયેલું. અને તે અંગેની

ફરિયાદ તેમના ડ્રાઈવરે પોલીસમાં કરેલી. આ લુંટ કોણે કરેલી તેની તેઓને ખબર નથી. આરોપીઓને જોયેથી ઓળખી શકતા નથી.

વધુમાં સાહેદ પોતાની ઉલટતપાસમાં જણાવે છે કે, બનાવ તેઓએ નજરે જોયેલ નથી.બનાવની જાણ આઈસર ગાડીના ડ્રાઈવર વિજયભાઈના કહેવાથી તેમને ખબર પડેલ. વધુમાં, ડ્રાઈવરે ગાડીમાંથી કોણે લુંટ કરેલ છે તેના કોઈ નામ, સરનામા કે વર્ણન જણાવેલ નથી.બનાવ બન્યાના એકાદ માસ બાદ પોલીસે તેમનું નિવેદન લીધેલ.

આમ, સદર સાહેદની સરતપાસ તથા ઉલટતપાસ જોવામાં આવે તો તેઓ બનાવ નજરે જોનાર સાહેદ નથી તેમજ જીઓ સીમકાર્ડની લુંટ કરનાર આરોપીઓને તેઓ ઓળખતા નથી તેમજ હાલના આરોપીઓએ લુંટ કરેલ છે તેવી કોઈ હકીકત તેમની સરતપાસ અને ઉલટતપાસમાં જણાવતા નથી.

**૧૨.** વધુમાં, સદર કામે આંક – ૪૧ થી નયનકુમાર પ્રફુલ્લચંદ્ર પટેલને તપાસવામાં આવેલ છે, જેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે, તા. ૨૨/૦૬/૨૦૨૦ ના રોજ તેઓને તેજેન્દ્રભાઈનો ફોન આવેલ કે તેમની માલિકીની આઈસર ગાડી જીજે–૦૧–એચટી–૩૨૦૩ માં લુંટ થયેલ છે. જેથી તેઓ તથા તેજેન્દ્રભાઈ તથા હેમલભાઈ બનાવવાળી જગ્યાએ ગયેલા. ત્યાં ડ્રાઈવરને બનાવ બાબતે પુછતાં તેણે જણાવેલ કે, એસ.એમ.ઈ કુરીયરના ગોડાઉનમાંથી રાજકોટ લોહાનગરનો કુરીયરનો સામાન લઈ રાજકોટ જવા નિકળેલ ત્યારે બગોદરા તરફ જતા તે વખતે કલ્યાણગઢ ગામના પાટીયાથી આગળ આવતા આઈસર ગાડીની પાછળ એક મોટી ગાડી ડીપર મારતા તેને સાઈડ આપેલી અને તે ગાડીએ તેમની આઈસર ગાડીની સાઈડ કાપી દરવાજા પાસે પહોંચતા તે ગાડીના આગળના ડ્રાઈવર સાઈડે કાચ ઉતારી એક માણસે જોર જોરથી ગાડી સાઈડમાં લેવાનું જણાવેલ અને પાછળથી એક સિલ્વર કલરની આઈ – ૨૦ ગાડી તેમની આઈસર ગાડીની સાઈડ કાપી ઝડપથી આવેલી અને તેમની આઈસર ગાડીની સાઈડ પર આવી ઉભી રહી ગયેલી. જેથી તેઓએ પણ આઈસર ગાડી ઉભી રાખેલી.વધુમા

જણાવે છે કે, આઇ –૨૦ ગાડીમાં કોઇ નંબર પ્લેટ ન હતી અને તેમાં પાછળની સીટે બે માણસો હતા તથા આગળ એક ડ્રાઇવર હોવાનું જણાયેલ અને ડ્રાઇવર સાઇડના ભાગે ઉભેલ મોટી ગાડીમાંથી ચાર માણસો નીચે ઉતરી એક માણસે તેમની ગાડીના ડ્રાઇવર સાઇડનો દરવાજો ખોલી ઉપર ચડી તેમની આઇસર ગાડીની ચાવી બંધ કરી ચાવી કાઢી લીધેલ અને ધક્કો મારેલ અને તેણે એક છરી કાઢી તેઓના ગળાના ભાગે રાખેલી અને ડાબી બાજુએથી એક માણસે આઇસરનો દરવાજો ખોલી છરી કાઢી તેમના પડખાના ભાગે રાખેલ અને તેઓનો મોબાઇલ ફોન લઇ લીધેલ અને તેવામાં તેમની આગળ ઉભેલ આઇ–૨૦ ગાડી સ્પીડમાં ભાગી બગોદરા તરફ જતી રહેલી. ત્યારબાદ મોટી કાળા કલરની ફોર વ્હીલ ગાડીમાંથી ઉતરેલા માણસોમાંથી ત્રીજો માણસ ડાબી બાજુના દરવાજે ચઢી ગયો હતો અને ચોથો માણસ ગાડીની પડખે આંટા મારવાનું કહેતો હતો અને તે ગાડી રીવર્સમાં લગાડી તેમની આઇસર ગાડીના પાછળના ભાગે લઇ તેની ગાડી બંધ કરી આઇસર ગાડીની ડાબી બાજુના દરવાજે આવી ઉભો રહી એક માણસ નીચે આવ તેમ કહેલ. તેથી ડ્રાઇવર સાઇડના દરવાજાથી ચઢેલ માણસ નીચે ઉતરી પાછળ ગયેલ અને આઇસરની બોડીના પાછળના દરવાજા ખોલી તેમાંથી સામાન ઉતારવા લાગેલ અને પાંચેક મિનિટ બાદ આઇસર ગાડીની પાછળ ઉભેલી મોટી ગાડી ચાલુ થયેલી અને તેમની બાજુમાં છરી લઇને ઉભેલો માણસ ગાડીમાંથી ઉતરી તે ગાડીમાં બેસી ગયેલ અને આ મોટી ગાડી પણ સ્પીડમાં બાવળા તરફ જતી રહેલી અને તેની પાછળ કોઇ નંબરપ્લેટ લગાડેલી ન હતી. ત્યારબાદ તેઓએ આઇસર ગાડી ચેક કરતા તેનું તાળું તુટેલુ હતુ અને તાળાની ચાવી આ ચાર માણસોમાંથી કોઇએ લઇ લીધેલી અને તેનાથી આ તાળુ ખોલેલું અને કુરયરનો સામાન આ લોકો લઇ ગયેલ. તેવી વાત ડ્રાઇવરે કરેલ. તેથી તેજેન્દ્રભાઇએ ૧૦૦ નંબર ઉપર ફોન કરેલ અને ત્યારબાદ તેઓએ આઇસર ગાડીમાં રાખેલો માલ ગણતા એરવે બીલના વીસ બોક્ષમાંથી નવ પુઠાંના બોક્ષ ઓછા જણાયેલ. એક પુઠાના બોક્ષમાં લાલ કલરના નાના કવરમાં જીયો કંપનીના સીમ કાર્ડ નં. ૧૦ નું પેકીંગ કરેલ, નંગ –૫૦ નું પેકીંગ મળી કુલ સીમ કાર્ડ – ૫૦૦ જેમાં એક પુઠાનું બોક્ષ એમ કુલ – ૯

પુઠાના બોક્સ એમ કુલ આશરે – ૪૫૦૦ જીયો સીમ કાર્ડ જેની કુલ કિંમત રૂપિયા ચોરાણું થી પંચાણું હજારની લુંટ થયેલાનું જણાયેલું. અને તે અંગેની ફરિયાદ તેમના ડ્રાઈવરે પોલીસમાં કરેલી. આ લુંટ કોણે કરેલી તેની તેઓને ખબર નથી. આરોપીઓને જોયેથી ઓળખી શકતા નથી.

વધુમાં સાહેદ પોતાની ઉલટતપાસમાં જણાવે છે કે, બનાવ તેઓએ નજરે જોયેલ નથી.બનાવની જાણ આઈસર ગાડીના ડ્રાઈવર વિજયભાઈના કહેવાથી તેમને ખબર પડેલ. વધુમાં, ડ્રાઈવરે ગાડીમાંથી કોણે લુંટ કરેલ છે તેના કોઈ નામ, સરનામા કે વર્ણન જણાવેલ નથી.બનાવ બન્યાના એકાદ માસ બાદ પોલીસે તેમનું નિવેદન લીધેલ.

આમ, સદર સાહેદની સરતપાસ તથા ઉલટતપાસ જોવામાં આવે તો તેઓ બનાવ નજરે જોનાર સાહેદ નથી તેમજ જીઓ સીમકાર્ડની લુંટ કરનાર આરોપીઓને તેઓ ઓળખતા નથી તેમજ હાલના આરોપીઓએ લુંટ કરેલ છે તેવી કોઈ હકીકત તેમની સરતપાસ અને ઉલટતપાસમાં જણાવતા નથી.

**૧૩.** વધુમાં, સદર કામે આંક – ૪૨ થી હેમલ ગુણવંતભાઈ કંસારાને તપાસવામાં આવેલ છે, જેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે, તા. ૨૨/૦૬/૨૦૨૦ ના રોજ તેઓને તેજેન્દ્રભાઈનો ફોન આવેલ કે તેમની માલિકીની આઈસર ગાડી જીજે–૦૧–એચટી–૩૨૦૩ માં લુંટ થયેલ છે. જેથી તેઓ તથા તેજેન્દ્રભાઈ તથા નયનભાઈ બનાવવાળી જગ્યાએ ગયેલા. ત્યાં ડ્રાઈવરને બનાવ બાબતે પુછતાં તેણે જણાવેલ કે, એસ.એમ.ઈ કુરીયરના ગોડાઉનમાંથી રાજકોટ લોહાનગરનો કુરીયરનો સામાન લઈ રાજકોટ જવા નિકળેલ ત્યારે બગોદરા તરફ જતા તે વખતે કલ્યાણગઢ ગામના પાટીયાથી આગળ આવતા આઈસર ગાડીની પાછળ એક મોટી ગાડી ડીપર મારતા તેને સાઈડ આપેલી અને તે ગાડીએ તેમની આઈસર ગાડીની સાઈડ કાપી દરવાજા પાસે પહોંચતા તે ગાડીના આગળના ડ્રાઈવર સાઈડે કાચ ઉતારી એક માણસે જોર જોરથી ગાડી સાઈડમાં લેવાનું જણાવેલ અને પાછળથી એક સિલ્વર કલરની આઈ – ૨૦ ગાડી તેમની આઈસર ગાડીની

સાઇડ કાપી ઝડપથી આવેલી અને તેમની આઇસર ગાડીની સાઇડ પર આવી ઉભી રહી ગયેલી. જેથી તેઓએ પણ આઇસર ગાડી ઉભી રાખેલી.વધુમા જણાવે છે કે, આઇ –૨૦ ગાડીમાં કોઇ નંબર પ્લેટ ન હતી અને તેમાં પાછળની સીટે બે માણસો હતા તથા આગળ એક ડ્રાઇવર હોવાનું જણાયેલ અને ડ્રાઇવર સાઇડના ભાગે ઉભેલ મોટી ગાડીમાંથી ચાર માણસો નીચે ઉતરી એક માણસે તેમની ગાડીના ડ્રાઇવર સાઇડનો દરવાજો ખોલી ઉપર ચડી તેમની આઇસર ગાડીની ચાવી બંધ કરી ચાવી કાઢી લીધેલ અને ધક્કો મારેલ અને તેણે એક છરી કાઢી તેઓના ગળાના ભાગે રાખેલી અને ડાબી બાજુએથી એક માણસે આઇસરનો દરવાજો ખોલી છરી કાઢી તેમના પડખાના ભાગે રાખેલ અને તેઓનો મોબાઇલ ફોન લઇ લીધેલ અને તેવામાં તેમની આગળ ઉભેલ આઇ–૨૦ ગાડી સ્પીડમાં ભાગી બગોદરા તરફ જતી રહેલી. ત્યારબાદ મોટી કાળા કલરની ફોર વ્હીલ ગાડીમાંથી ઉતરેલા માણસોમાંથી ત્રીજો માણસ ડાબી બાજુના દરવાજે ચઢી ગયો હતો અને ચોથો માણસ ગાડીની પડખે આંટા મારવાનું કહેતો હતો અને તે ગાડી રીવર્સમાં લગાડી તેમની આઇસર ગાડીના પાછળના ભાગે લઇ તેની ગાડી બંધ કરી આઇસર ગાડીની ડાબી બાજુના દરવાજે આવી ઉભો રહી એક માણસ નીચે આવ તેમ કહેલ. તેથી ડ્રાઇવર સાઇડના દરવાજાથી ચઢેલ માણસ નીચે ઉતરી પાછળ ગયેલ અને આઇસરની બોડીના પાછળના દરવાજા ખોલી તેમાંથી સામાન ઉતારવા લાગેલ અને પાંચેક મિનિટ બાદ આઇસર ગાડીની પાછળ ઉભેલી મોટી ગાડી ચાલુ થયેલી અને તેમની બાજુમાં છરી લઇને ઉભેલો માણસ ગાડીમાંથી ઉતરી તે ગાડીમાં બેસી ગયેલ અને આ મોટી ગાડી પણ સ્પીડમાં બાવળા તરફ જતી રહેલી અને તેની પાછળ કોઇ નંબરપ્લેટ લગાડેલી ન હતી. ત્યારબાદ તેઓએ આઇસર ગાડી ચેક કરતા તેનું તાળું તુટેલુ હતુ અને તાળાની ચાવી આ ચાર માણસોમાંથી કોઇએ લઇ લીધેલી અને તેનાથી આ તાળુ ખોલેલું અને કુરયરનો સામાન આ લોકો લઇ ગયેલ. તેવી વાત ડ્રાઇવરે કરેલ. તેથી તેજેન્દ્રભાઇએ ૧૦૦ નંબર ઉપર ફોન કરેલ અને ત્યારબાદ તેઓએ આઇસર ગાડીમાં રાખેલો માલ ગણતા એરવે બીલના વીસ બોક્ષમાંથી નવ પુઠાંના બોક્ષ ઓછા જણાયેલ. એક પુઠાના બોક્ષમાં લાલ કલરના નાના

કવરમાં જીયો કંપનીના સીમ કાર્ડ નં. ૧૦ નું પેકીંગ કરેલ, નંગ –૫૦ નું પેકીંગ મળી કુલ સીમ કાર્ડ – ૫૦૦ જેમાં એક પુઠાનું બોક્ષ એમ કુલ – ૯ પુઠાના બોક્સ એમ કુલ આશરે – ૪૫૦૦ જીયો સીમ કાર્ડ જેની કુલ કિંમત રૂપિયા ચોરાણું થી પંચાણું હજારની લુંટ થયેલાનું જણાયેલું. અને તે અંગેની ફરિયાદ તેમના ડ્રાઇવરે પોલીસમાં કરેલી. આ લુંટ કોણે કરેલી તેની તેઓને ખબર નથી. આરોપીઓને જોયેથી ઓળખી શકતા નથી.

વધુમાં સાહેદ પોતાની ઉલટતપાસમાં જણાવે છે કે, બનાવ તેઓએ નજરે જોયેલ નથી.બનાવની જાણ આઇસર ગાડીના ડ્રાઇવર વિજયભાઇના કહેવાથી તેમને ખબર પડેલ. વધુમાં, ડ્રાઇવરે ગાડીમાંથી કોણે લુંટ કરેલ છે તેના કોઇ નામ, સરનામા કે વર્ણન જણાવેલ નથી.બનાવ બન્યાના એકાદ માસ બાદ પોલીસે તેમનું નિવેદન લીધેલ.

આમ, સદર સાહેદની સરતપાસ તથા ઉલટતપાસ જોવામાં આવે તો તેઓ બનાવ નજરે જોનાર સાહેદ નથી તેમજ જીઓ સીમકાર્ડની લુંટ કરનાર આરોપીઓને તેઓ ઓળખતા નથી તેમજ હાલના આરોપીઓએ લુંટ કરેલ છે તેવી કોઇ હકીકત તેમની સરતપાસ અને ઉલટતપાસમાં જણાવતા નથી.

**૧૪.** વધુમાં, સદર કામે આંક–૪૩ થી પંચ સાહેદ ખુમાનસંગ અરજણભાઇ જખવાડીયાનાઓને તપાસવામાં આવેલ છે જેઓ તેમની સરતપાસમાં જણાવે છે કે, પોલીસે તેમને બગોદરા પાસે આવેલ ધંધુકા ચોકડી પાસે ઉભો રાખી એક લખેલા કાગળમાં સહી કરવાનું કહેતા તેમણે સહી કરેલી. તેઓ સહી કર્યા સિવાય કાંઇ જાણતા નથી. પોલીસે તેમની રૂબરૂમાં કોઇ પંચનામું કરેલ નથી તેમ જણાવે છે. તેથી તેઓને હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલ છે અને હોસ્ટાઇલ જાહેર થયા બાદ પંચનામાની હકીકતને સમર્થન મળે તેવી કોઇ હકીકત જણાવતા નથી.

જેથી સદર પંચ સાહેદનો પુરાવો જોવામાં આવે તો તેઓ બનાવવાળી જગ્યાના પંચ સાહેદ છે. પરંતુ તેઓ પંચનામાની હકીકતને સમર્થન આપતા નથી.

**૧૫.** વધુમાં, સદર કામે આંક – ૪૪ થી ફરિયાદી વિજયભાઇ દેવજીભાઇ સોલંકીનાઓને તપાસવામાં આવેલ છે. જેઓ તેમની સરતપાસમાં જણાવે છે કે, બનાવ આશરે સાડા પાંચ વર્ષ પહેલા બનેલો. બનાવ વખતે તેઓ તેજેન્દ્ર બિપિનચંદ્ર પટેલનાઓની આઇસર ગાડી નં. જીજે–૦૧–એચટી–૩૨૦૩ ચલાવતા હતા. તા. ૨૨/૦૬/૨૦૨૦ ના રોજ તેઓ આઇસર ગાડી લઇ એસ.એમ.ઇ કુરીયરના ગોડાઉનમાંથી રાજકોટ લોહાનગરનો કુરીયરનો સામાન લઇ રાજકોટ જવા નિકળેલ ત્યારે બગોદરા તરફ જતા તે વખતે કલ્યાણગઢ ગામના પાટીયાની આગળ હરસિધ્ધી હોટલ વટાવી એકાદ કી.મી. આગળ આવતા આઇસર ગાડીની પાછળ એક મોટી ગાડી ડીપર મારતા તેને સાઇડ આપેલી અને તે ફોર વ્હીલ ગાડીના ચાલકે તેઓને જોર જોરથી ગાડી સાઇડમાં લેવાનું જણાવેલ અને પાછળથી એક સિલ્વર કલરની આઇ – ૨૦ ગાડી તેમની આઇસર ગાડીની સાઇડ કાપી ઝડપથી આવેલી અને તેમની આઇસર ગાડીની સાઇડ પર આવી ઉભી રહી ગયેલી. જેથી તેઓએ પણ આઇસર ગાડી ઉભી રાખેલી.વધુમા જણાવે છે કે, આઇ –૨૦ ગાડીમાં કોઇ નંબર પ્લેટ ન હતી અને ડ્રાઇવર સાઇડના ભાગે ઉભેલ મોટી ગાડીમાંથી ચાર માણસો નીચે ઉતરી એક માણસે તેમની ગાડીના ડ્રાઇવર સાઇડનો દરવાજો ખોલી ઉપર ચડી તેમની આઇસર ગાડીની ચાવી બંધ કરી ચાવી કાઢી લીધેલ અને ધક્કો મારેલ અને તેણે એક છરી કાઢી તેઓના ગળાના ભાગે રાખેલી અને ડાબી બાજુએથી એક માણસે આઇસરનો દરવાજો ખોલી છરી કાઢી તેમના પડખાના ભાગે રાખેલ અને તેઓનો મોબાઇલ ફોન લઇ લીધેલ અને તેવામાં તેમની આગળ ઉભેલ આઇ–૨૦ ગાડી સ્પીડમાં ભાગી બગોદરા તરફ જતી રહેલી. ત્યારબાદ મોટી કાળા કલરની ફોર વ્હીલ ગાડીમાંથી ઉતરેલા માણસોમાંથી ત્રીજો માણસ ડાબી બાજુના દરવાજે ચઢી ગયો હતો અને ચોથો માણસ ગાડીની પડખે આંટા મારવાનું કહેતો હતો અને તે ગાડી રીવર્સમાં લગાડી તેમની આઇસર ગાડીના પાછળના ભાગે લઇ તેની ગાડી બંધ કરી આઇસર ગાડીની ડાબી બાજુના દરવાજે આવી ઉભો રહી એક માણસ નીચે આવ તેમ કહેલ. તેથી ડ્રાઇવર સાઇડના દરવાજાથી ચઢેલ માણસ નીચે ઉતરી પાછળ ગયેલ અને

આઇસરની બોડીના પાછળના દરવાજા ખોલી તેમાંથી સામાન ઉતારવા લાગેલ અને પાંચેક મિનિટ બાદ આઇસર ગાડીની પાછળ ઉભેલી મોટી ગાડી ચાલુ થયેલી અને તેમની બાજુમાં છરી લઇને ઉભેલો માણસ ગાડીમાંથી ઉતરી તે ગાડીમાં બેસી ગયેલ અને આ મોટી ગાડી પણ સ્પીડમાં બાવળા તરફ જતી રહેલી અને તેની પાછળ કોઇ નંબરપ્લેટ લગાડેલી ન હતી. ત્યારબાદ તેઓએ આઇસર ગાડી ચેક કરતા તેનું તાળું તુટેલુ હતુ અને નજીકમાં જોતા તાળું મળી આવેલું નહિ અને આઇસરમાં ભરેલો કુરિયરનો સામાન ઓછો થયેલાનું જણાતા તેઓએ આઇસરના માલિક તેજેન્દ્રભાઇને ફોન કરી તેની જાણ કરેલ અને તેજેન્દ્રભાઇએ પોલીસને ફોન કરતા થોડીવારમાં પોલીસ આવી ગયેલ. તેજેન્દ્રભાઇએ નયનભાઇને તથા હેમલભાઇને જાણ કરતા તેઓ ત્રણેય બનાવવાળી જગ્યાએ આવી ગયેલ. ત્યારબાદ તેઓએ આઇસર ગાડીમાં રાખેલો માલ ગણતા એરવે બીલના વીસ બોક્ષમાંથી નવ પુઠાંના બોક્ષ ઓછા જણાયેલ. એક પુઠાના બોક્ષમાં લાલ કલરના નાના કવરમાં જીયો કંપનીના સીમ કાર્ડ નં. ૧૦ નું પેકીંગ કરેલ, નંગ –૫૦ નું પેકીંગ મળી કુલ સીમ કાર્ડ – ૫૦૦ નંગનું જેમાં એક પુઠાનું બોક્ષ એમ કુલ – ૯ પુઠાના બોક્સ એમ કુલ આશરે – ૪૫૦૦ જીયો સીમ કાર્ડ જેની કુલ કિંમત રૂપિયા ૯૪,૫૦૦/–ની લુંટ કરેલ. ત્યારબાદ તેજેન્દ્રભાઇએ આ બાબતની ફરિયાદ કરવાનું કહેતા તેઓએ ફરિયાદ કરેલી. વધુમાં જણાવે છે કે, લુંટ કરવા આવેલા પાંચ અજાણ્યા માણસો હતા તેમજ આઇ– ૨૦ માં ત્રણ અજાણ્યા માણસો બેઠેલ હતા. બનાવમાં તઓને કોઇ ઈજા થયેલી નથી. તેમની સાથે લુંટ કરનાર આરોપીઓને જોયેથી તેઓ ઓળખી શકતા નથી. વધુમાં, તેઓ આરોપીઓને ઓળખતા નથી.

વધુમાં, ફરિયાદી પોતાની ઉલટતપાસમાં જણાવે છે કે, લુંટ કરેલ છે તેના કોઇ નામ, સરનામા કે વર્ણન ફરિયાદમાં જણાવેલ નથી. વધુમાં જણાવે છે કે, આરોપીઓની ઓળખ પરેડ પોલીસે કરેલ હોય તેવું પણ કાંઇ બનેલ નથી. વધુમાં જણાવે છે કે, તેઓની સાથે લુંટ કોણે કરેલ છે તે તેઓ કહી શકે નહી. વધુમાં જણાવે છે કે, આરોપીઓને જોયેથી ઓળખી શકતા નથી.

આમ, ફરિયાદીની સરતપાસ તથા ઉલટતપાસ જોવામાં આવે તો, તેઓ જે વાહનમાં સીમકાર્ડ ભરીને જતા હતા તે વાહનમાં હાલના આરોપીઓએ લુંટ કરેલ છે તેવી કોઇ હકીકત જણાવતા નથી તેમજ તેઓ આરોપીઓને ઓળખતા નથી તેવું પણ જણાવે છે. તેમજ આરોપીઓની ઓળખ પરેડ ત.ક.અમલદારે કરેલ નથી તેવું પણ જણાવે છે. જેથી તેઓ આરોપીઓને ઓળખી શકતા નથી. જેથી ફરિયાદીની સરતપાસ અને ઉલટતપાસ જોવામાં આવે તો હાલના આરોપીઓએ ફરિયાદીની સીમકાર્ડની લુંટ કરેલ હોઇ તેવી કોઇ હકીકત ફરિયાદીના પુરાવા ઉપરથી જણાઇ આવતી નથી.

**૧૬.** વધુમાં, સદર કામે આંક–૪૭ થી પંચ સાહેદ ભાવિનભાઇ કાંતિભાઇ સોલંકીનાઓને તપાસવામાં આવેલ છે જેઓ તેમની સરતપાસમાં જણાવે છે કે, પોલીસે તેમને બગોદરા પો.સ્ટે.બોલાવી એક લખેલા કાગળમાં સહી કરવાનું કહેતા તેઓએ સહી કરેલી. તેઓ સહી કર્યા સિવાય બીજું કાંઇ જાણતા નથી. તેથી તેઓને હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલ છે અને હોસ્ટાઇલ જાહેર થયા બાદ પંચનામાની હકીકતને સમર્થન મળે તેવી કોઇ હકીકત જણાવતા નથી.

વધુમાં, પંચ સાહેદ પોતાની ઉલટતપાસમાં જણાવે છે કે, પોલીસે તેમની રૂબરૂ કોઇ પંચનામું કરેલ નથી.

જેથી સદર પંચ સાહેદનો પુરાવો જોવામાં આવે તો તેઓ ગુનામાં વપરાયેલ મુદ્દામાલ બાઇક આરોપી રજુ કરતા હોઇ તેના પંચ સાહેદ છે. પરંતુ તેઓ પંચનામાની હકીકતને સમર્થન આપતા નથી.

**૧૭.** વધુમાં, સદર કામે આંક–૪૯ થી પંચ સાહેદ ભાવિનભાઇ કાંતિભાઇ સોલંકીનાઓને તપાસવામાં આવેલ છે જેઓ તેમની સરતપાસમાં જણાવે છે કે, પોલીસે તેમને બગોદરા પો.સ્ટે.બોલાવી એક લખેલા કાગળમાં સહી કરવાનું કહેતા તેઓએ સહી કરેલી. તેઓ સહી કર્યા સિવાય બીજું કાંઇ જાણતા નથી. તેથી તેઓને હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલ છે અને

હોસ્ટાઇલ જાહેર થયા બાદ પંચનામાની હકીકતને સમર્થન મળે તેવી કોઇ હકીકત જણાવતા નથી.

વધુમાં, પંચ સાહેદ પોતાની ઉલટતપાસમાં જણાવે છે કે, પોલીસે તેમની રૂબરૂ કોઇ પંચનામું કરેલ નથી.

જેથી સદર પંચ સાહેદનો પુરાવો જોવામાં આવે તો તેઓ ની રૂબરૂમાં આરોપીઓએ જે સીમકાર્ડની લુંટ કરેલ તેના બોક્ષ નહેરમાં ફેંકી દીધેલા તે જગ્યા આરોપી રાહુલે બતાવેલ અને તે અંગેનું વિગતવારનું પંચનામું કરવામાં આવેલ પરંતુ સદર પંચ સાહેદ પંચનામાની હકીકતને સમર્થન આપતા નથી. અને પોલીસે તેમની રૂબરૂમાં કોઇ પંચનામું કરેલ નથી તેવું જણાવે છે જેથી આરોપીને ગુનામાં સાંકળતો એક માત્ર પુરાવો સદર પંચ સાહેદનો હતો પરંતુ સદર પંચ સાહેદ પંચનામાની હકીકતનો સમર્થન આપતા નથી જેથી ફરિયાદપક્ષ મુદ્દામાલ રિકવર ડિસ્કવર પંચનામું પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે.

૧૮. વધુમાં, સદર કામે આંક–૫૪ થી ત.ક.અ. ભરતસિંહ સોહનસિંહ ચૌહાણનાઓને તપાસવામાં આવેલ છે જેઓ તેમની સરતપાસમાં જણાવે છે કે, તેઓ બગોદરા પોલીસ સ્ટેશનમાં પી.એસ.આઇ. તરીકે ફરજ બજાવતા હતા ત્યારે પોલીસ સબ ઇન્સપેક્ટર શ્રી એમ.પી. ચૌહાણ સાહેબની બદલી થતાં તેઓને બગોદરા પો.સ્ટે એફ.આઇ.આર નં. ૦૦૨૩૮ આઇ.પી.સી. કલમ – ૩૯૫, ૩૯૭ ની ગુનાની તપાસ સોંપતા તેઓએ ફરિયાદ, પંચનામું, ગુનાવાળી જગ્યાનું પંચનામું, વાહન કબ્જે લીધાનું પંચનામું, એફ.એસ.એલનો રીપોર્ટ વગેરે તપાસના કામે કબ્જે લીધેલ અને આરોપીઓ સામે પુરતો પુરાવો હોઇ ચાર્જશીટ કરેલું.

વધુમાં, તેઓ પોતાની ઉલટતપાસમાં જણાવે છે કે, તેઓએ કોઇ તપાસ કરેલ નથી માત્ર ચાર્જશીટ કરેલ છે.

આમ, સદર ત.ક.અ.ની સરતપાસ તથા ઉલટતપાસ જોવામાં આવે તો, તેઓએ કોઇ તપાસ કરેલ નથી ફક્ત આરોપીઓ સામે ચાર્જશીટ કરેલ છે. તે સિવાય ગુનાના કામે અન્ય કોઇ તપાસ કરેલ નથી.

૧૯. વધુમાં, સદર કામે આંક–૫૫ થી ત.ક.અ. મેહુલકુમાર પ્રવિણભાઇ ચૌહાણનાઓને તપાસવામાં આવેલ છે જેઓ તેમની સરતપાસમાં જણાવે છે કે, તેઓએ બગોદરા પો.સ્ટે.માં પી.એસ.આઈ.તરીકે જુન ૨૦૧૯ થી જુન –૨૦૨૦ સુધી ફરજ બજાવેલી.તારીખ ૨૨/૦૬/૨૦૨૦ ના રોજ પી.એસ.ઓ.દશરથભાઈએ કન્ટ્રોલ લોગ આપેલ જે વંચાણે લેતા બગોદરા બાવળા હાઈવે રોડ પર આઈ.૨૦ કાર તથા સ્કોર્પીયો કાર ગાડી વાળાએ આઈસર ટ્રક ને આંતરી ડ્રાઈવરને છરી બતાવી આઠેક માણસો કુરીયરના પાર્સલો ૬ થી ૭ નંગની લુંટ કરી ભાગી ગયેલા.આઈ–૨૦ કાર નંબર પ્લેટ વગરની હોઈ પો.સ્ટે.થી નીકળી સદર જગ્યાએ જઈ તપાસ કરી ફરીયાદી પો.સ્ટે.માં આવી ફરીયાદ આપતા ફરીયાદ લઈ તેઓએ જાતે ગુનો રજીસ્ટર કરી આગળની તપાસ સંભાળી લીધેલી. ત્યારબાદ તેઓએ ફરીયાદ મેળવી તથા સુચીપત્ર મેળવી ગુનાવાળી જગ્યાનું પંચનામુ પંચો રૂબરૂ અને પંચોના લખાવ્યા મુજબનું લખેલુ.ત્યારબાદ પુરાવા અધિનિયમ ૨૭ મુજબનું પંચનામુ પંચોના લખાવ્યા મુજબનું અને પંચો રૂબરૂ કરેલુ ત્યારબાદ ગુનામાં વપરાયેલ વાહન કબજે કર્યા અંગેનુ પંચનામું પંચોના લખાવ્યા મુજબનું અને પંચો રૂબરૂ કરેલુ ત્યારબાદ એફ.એસ.એલ.નું સ્થળ પરીક્ષણ અહેવાલ પણ કરાવેલ ત્યારબાદ સાહેદ તેજેન્દ્રભાઈ પટેલ તથા હેમલભાઈ કંસારા તથા નયનભાઈ પટેલનાઓના તેઓના લખાવ્યા મુજબના નિવેદન લીધેલા. ત્યારબાદ તેઓની બદલી થઇ જતા આગળની તપાસ બી.એસ.ચૌહાણ સાહેબનાઓને સોંપેલી. વધુમાં, જણાવે છે કે, આરોપીને તેઓ ઓળખે છે. આરોપીની ઓળખ બાબતે બચાવપક્ષે તકરાર નથી.

વધુમાં, તેઓ પોતાની ઉલટતપાસમાં જણાવે છે કે, તેઓએ તપાસ દરમ્યાન આરોપીઓની ફરિયાદી કે સાહેદ પાસે કોઈ ઓળખ પરેડ કરાવેલ નથી. વધુમાં જણાવે છે કે, લુંટમાં ગયેલ સીમકાર્ડના કોઇ બીલો ફરિયાદી કે સાહેદ પાસેથી મેળવેલ નથી. વધુમાં જણાવે છે કે, બનાવની આજુબાજુ આવેલ દુકાન કે હોટલના માલિકોના કોઇ નિવેદન લીધેલ નથી. વધુમાં જણાવે છે કે, ફરિયાદમાં આરોપીઓના કોઇ નામ લખેલ નથી.

આમ, સદર ત.ક.અ.ની સરતપાસ તથા ઉલટતપાસ જોવામાં આવે તો, તેઓએ ફરિયાદ રજીસ્ટરે લઇ તપાસ કરી પંચનામા તથા સાહેદોના નિવેદનો લીધેલા. જે સંદર્ભે ફરિયાદ જોવામાં આવે તો ફરિયાદમાં અજાણ્યા ઇસમોએ લુંટ કરેલ તે મુજબની ફરિયાદ છે પરંતુ ત.ક.અ. દ્વારા ફરિયાદીની કોઇ ઓળખ પરેડ આરોપીઓની કરાવેલ નથી. તેમજ જે લુંટમાં ગયેલ સીમકાર્ડની માલિકી કોની હતી તેના પણ કોઇ પુરાવા ત.ક.અ. દ્વારા લેવામાં આવેલ નથી.

**૨૦.** વધુમાં, સદર કામે આંક–૫૬ થી ત.ક.અ. હેતલબેન માલજીભાઇ રબારીનાઓને તપાસવામાં આવેલ છે જેઓ તેમની સરતપાસમાં જણાવે છે કે, તેઓ જોરાવર નગર પો.સ્ટેમાં પી.એસ.આઇ. તરીકે ફરજ બજાવતા હતા ત્યારે સદર આરોપીઓ જોરાવર નગર પો.સ્ટેમાં લુંટના ગુનાના કામે પકડાયેલા ત્યારબાદ બગોદરા પોલીસ તરફથી સદર આરોપીઓની બગોદરા પો.સ્ટે. ગુનાના કામે જરૂર હોય ટ્રાન્સફર વોરંટથી કબ્જો મેળવેલ હશે તે સિવાય તેઓએ અન્ય કોઇ કામગીરી આ ગુનાના કામે કરેલ નથી.

વધુમાં, તેઓ પોતાની ઉલટતપાસમાં જણાવે છે કે, આ ગુનાના કામે તેઓએ કોઇ કામગીરી કરેલ નથી.

આમ, સદર ત.ક.અ.ની સરતપાસ તથા ઉલટતપાસ જોવામાં આવે તો,તેઓએ સદર ગુનામાં કોઇ કામગીરી કરેલ નથી માત્ર હાલના આરોપીઓનો કબ્જો બગોદરા પો.સ્ટેમાં ટ્રાન્સફર વોરંટથી સોપેલ તેમ જણાવે છે.

**૨૧.** આમ,ઉપર મુજબનો ફરિયાદપક્ષનો પુરાવો જોવામાં આવે તો ફરિયાદી કે જેને આંક – ૪૪ થી તપાસેલ છે તેઓ તેમની સરતપાસ તથા ઉલટતપાસમાં આરોપીઓને ઓળખતા નથી અને લુંટ કરનાર આરોપીઓને તેઓ ઓળખતા નથી તેવું જણાવે છે. જેથી ફરિયાદી વાહનમાં રહેલ જીઓ સીમકાર્ડની લુંટ હાલના આરોપીઓએ કરેલ હોય તેવું ફરિયાદીના પુરાવા પરથી ફલિત થતું નથી. વધુમાં, ત.ક.અ. આંક – ૫૪ થી તપાસેલ

ભરતસિંહ ચૌહાણ તથા આંક – ૫૫ થી તપાસેલ મેહુલકુમાર ચૌહાણ દ્વારા આરોપીઓની કોઇ ઓળખ પરેડ ફરિયાદી પાસે કરાવેલ નથી. વધુમાં, આંક – ૫૦ થી રિકવરી ડિસ્કવરી પંચનામું રજુ છે પરંતુ તેના પંચ સાહેદ ભાવિનકુમાર સોલંકી કે જેને આંક – ૪૯ થી તપાસેલ છે તેઓ પંચનામાની હકીકતને સમર્થન આપતા નથી. જેથી આંક – ૪૫ થી ફરિયાદ રજુ છે જે ફરિયાદ જોવામાં આવે તો ફરિયાદમાં અજાણ્યા ઇસમોએ લુંટ કરેલ હોવાનું જણાવેલ છે. અને ફરિયાદી આરોપીઓને ઓળખી બતાવતા નથી કે હાલના આરોપીઓએ લુંટ કરેલ હોવાની હકીકત તેમના પુરાવામાં જણાવતા નથી. વધુમાં આંક – ૪૦ થી તપાસેલ તેજેન્દ્ર બીપીનચંદ્ર પટેલ તથા આંક – ૪૧ થી તપાસેલ નચનકુમાર પ્રફુલ્લચંદ્ર પટેલ તથા આંક – ૪૨ થી તપાસેલ હેમલ ગુણવંતભાઇ કંસારા નાઓનો પુરાવો જોવામાં આવે તો તેઓએ બનાવ નજરે જોયેલ નથી અને તેઓ આરોપીઓને ઓળખતા નથી તેમજ લુંટ કોણે કરી તે તેમને ખબર નથી. જેથી સદર કામે ઉપર કરેલ વિસ્તૃત ચર્ચા મુજબ ફરિયાદપક્ષ પોતાનો કેસ પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોઈ, મુદ્દા નં. ૦૧ નો નિર્ણય નકારમાં ઠરાવી, મુદ્દા નં. ૦૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**<u>–:આખરી હુકમ:–</u>**

(૧) આ કામના આરોપી નં. (૧) રાહુલ નરભેરામ તુલશીદાસ પરમાર રહે. આઝાદનગર સોસાયટી, મેલડીમાના મંદિર સામે, ફતેવાડી, સરખેજ, અમદાવાદ. (૨) શીવમ ઉર્ફે શિવો ભાવેશભાઇ પ્રવિણભાઇ પટેલ રહે. ૧૨૦, સંતોષીનગર, જીવનદીપ હોસ્પિટલ સામે, ધોળકા. (૩) દુપેશ ત્રીભોવનભાઇ સવાભાઇ જાદવ રહે. ખોડીયાર કોમ્પલેક્ષ, ગેટ નં. ૫, દેનાબેંક પાસે, સરખેજ, અમદાવાદ. (૪) અનીતકુમાર રમેશભાઇ સોલંકી રહે. વણકરવાસ, મુ. સનાથલ, તા. સાણંદ, જી. અમદાવાદ. (૫) કિરણ ઉર્ફે કિશન લલીતભાઇ પરમાર રહે. હરીવીલા સોસાયટી, ક્રિષ્ના એવન્યુ પાછળ, જી–૯, મહેશભાઇ ભરવાડના મકાનમાં,

સરખેજ, અમદાવાદ નાઓને બગોદરા પોલીસ સ્ટેશન ગુ. ર. નં. ૧૧૧૯૨૦૧૦૨૦૦૨૩૮/૨૦૨૦ મુજબ ઈ.પી.કો. કલમ–૩૯૫, ૩૯૭ મુજબના શિક્ષાપાત્ર ગુન્હાના કામે શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપીઓને આદેશ કરવામાં આવે છે કે, તેઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ ની કલમ ૪૩૭(એ) મુજબ હુકમની તારીખથી છ માસની મર્યાદા માટે રૂા.૨૫,૦૦૦/– (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા) ના સદ્ધર જામીન સહિતના જાત મુચરકા આપવા.

(૩) મુદ્દામાલ સીમકાર્ડ તથા છરીનો અપીલ સમય વિત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) મુદ્દામાલ વાહન બાઈક નં. જીજે–૦૧–એલવી–૪૪૩૮ અંગેનો વચગાળાનો હુકમ અપીલ પીરીયડ બાદ કાયમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ–૦૬[શ્રી], માહે–મે, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરીને જાહેર કર્યો.

તા.૦૬–૦૫–૨૦૨૬
સ્થળઃ ધોળકા

**(પી. પી. જાડેજા)**
આઠમા એડીશ્નલ સેશન્સ જજ,
અમદાવાદ(ગ્રામ્ય), મુ. ધોળકા
જી.જે. ૦૦૮૩૨